પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક:જી/સીપી/વિ.શા/જાહેરનામું/ ૪૨૨૪/૨૦૨૧ તારીખ : ૦૪ /૧૦/૨૦૨૧

## જાહેરનામું

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ હેઠળ જાહેરનામુ

સંદર્ભઃ- મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ વડોદરા ગ્રાયની કચેરીના પત્ર ક્રમાંકઃતાપયૂ /જિપયૂવશી/૨૨/૨૦૨૧ તારીખ:30/૦૯/૨૦૨૧ અન્વયે.

રાજ્ય ચૂંટણી આયોગ, સચિવાલય, ગાંધીનગર ધ્વારા મહાનગર પાલીકા, નગરપાલીકાઓની સામાન્ય ચૂંટણી તથા મધ્યસત્ર ચૂંટણી તથા અન્ય સ્વરાજયના એકમોની પ્રંસગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી ઓકટોમ્બ-૨૦૨૧નો કાર્યક્રમ જાહેર કરેલ છે. તે મુજબ અત્રેના વડોદરા જીલ્લાના વડોદરા (ગ્રામ્ય) મામલતદારશ્રી ગ્રામ્ય નાઓની કચેરીના પત્ર ક્રમાંક નં: તાપયુ/જિપયુ/વશી/૨૨/૨૦૨૧ તા.30/૦૯/૨૦૨૧ મા જણાવ્યા મુજબ તાલુકાની ૧૯-રાયપુરા તાલુકા પંચાયત ની પેટા ચુટણી અન્વયે મતગણતરી અત્રેના વડોદરા શહેર ખાતે આવેલ નર્મદા ભવન "સી" બ્લોક, જેલ રોડ, વડોદરા ખાતે તા.૦૫/૧૦/૨૦૨૧ નારોજ ક:૦૮/૦૦ થી થનાર છે.

મતગણતરીની કાર્યવાહીનુ સરળ અને શાંતી પૂર્ણ રીતે સંચાલન થાય અને તેમા કોઇપણ અવરોધ પેદા થાય નહિ. તે માટે તેમજ મતગણતરી કેન્દ્રના સ્થળે જુદા-જુદા પક્ષના ઉમેદવારો, ચૂંટણી એજન્ટો, મતગણતરી એજન્ટો, ઉમેદવારો અને રાજકીય પક્ષોના ટેકેદારો/કાર્યકરો એકઠા થાય ત્યારે એકબીજા વચ્ચે સંઘર્ષ ન થાય, તથા જાહેર સુલેહશાંતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જળવાઇ રહે તે સારુ મતગણતરી કેન્દ્રના સ્થળે અને તેની આજુ-બાજુ ના ૨૦૦ મીટરના વિસ્તારમાં ૦૪ કરતા વધુ માણસોએ ભેગા નહિ થવા માટે તેમજ મતગણતરીના કામે ઉપયોગમા લેવાનાર સ્થળે આવેલ મકાનોમા બિનઅધિકૃત વ્યકિત/વ્યકિતઓ દાખલ થાય નહિ. તે માટે ફોજદારી કાર્યરીતી અધિનિયમ- ૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ પ્રતિબંધક આદેશો કરવાનું મને પુરતુ કારણ જણાય છે.

વાસ્તે હુ ડૉ.શમશેર સિંઘ, IPS પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની પેટા કલમ-૩૭(૧)(૩) થી મને મળેલ સત્તાની રૂએ ફરમાવવું છું કે, નીચે જણાવેલ પ્રતિબંધિત વિસ્તારમાં તા.૦૫/૧૦/૨૦૨૧ ના રોજ કલાક:૦૦/૦૦ થી ૨૦/૦૦ વાગ્યા સુધી મતગણતરી પુરી થાય તે બે માંથી જે વહેલુ હોય, તે સમય વડોદરા જિલ્લાના રાયપુરા તાલુકા પંચાયત ચૂંટણીની મતગણતરીની કામગીરી માટેના મતગણતરીના સ્થળના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધારે માણસોએ ભેગા થવુ નહીં, તેમજ સદરહુ સ્થળે મતગણતરીના કામ માટે ઉપયોગમાં લેવાનાર મકાન તથા તેના કમ્પાઉન્ડની અંદર બિનઅધિકૃત વ્યકિત /વ્યકિતઓએ પ્રવેશ કરવો નહિ.

### પ્રતિબંધિત વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના સ્થળ નર્મદા ભવન "સી" બ્લોક , જેલ રોડ, વડોદરા

### અપવાદ :-

સરકારી અધિકારી/કર્મચારી તથા પોલીસ અધિકારી/કર્મચારી જે ચૂંટણી મતગણતરી અંગેની ફરજ હોય અને મતગણતરીની વ્યવસ્થા સાથે સંકળાયેલા હોય, તેવા નીચે મુજબના વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) ચૂંટણી અંગેની મતગણતરીની કામગીરીમાં ચૂંટણી અધિકારશ્રી / મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ /જિલ્લા ચૂંટણી અધિકારશ્રીઓ તરફથી ફરજ ઉપર રોકવામાં આવેલ અધિકારીઓ/કર્મચારીઓને

(૨) કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ સ્ટાફને તથા અન્ય સુરક્ષા સ્ટાફને.

(૩) ચૂંટણીના ઉમેદવારો તથા તેમના અધિકૃત ચૂંટણી એજન્ટ તેમજ તેઓના તરફથી નિયુકત કરાયેલ અધિકૃત મતગણતરી એજન્ટો કે, જેઓની નિમણુંકને સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી/મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી તરફથી માન્યતા આપેલ હોય, તેને

(૪) ભારતના રાજય ચૂંટણી પંચ ધ્વારા અધિકૃત કરવામાં આવેલ તેવી અન્ય વ્યકિતઓને

(૫) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી વડોદરા ધ્વારા અધિકૃત કરવામા આવે તેને
સદરહુ હુકમના કોઇ પણ ખંડનો ભંગ અથવા ઉલંઘન કરનાર સખ્સ ભારતીય દં સંહિતાની કલમ -૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

કોવિડ-૧૯ અન્વયે ગૃહ મંત્રાલય તથા ગૃહ વિભાગ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ રાજય ચૂંટણી આયોગ ધ્વારા બહાર પાળવામાં આવેલ તથા બહાર પડવામા આવનાર વખતો-વખતની ગાઇડ લાઇનનો ચુસ્તપણે અમલ કરવાનો રહશે.

-- :: શિક્ષા ::-

આ હુકમનો ભંગ/ઉલ્લંઘન કરનાર પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ તથા ભારતીય ફોજદારી ધારાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ તા.૦૫/૧૦/૨૦૨૧ કલાક:૨૦/૦૦ કલાક સુધી કે મતગણતરી પુરી થાય તે બે માંથી જે વહેલુ હોય, તે સમય માટે

આથી હું આદેશ કરૂ છું કે, સદરહુ વિસ્તારમાં સહેલાઇથી દેખાઇ આવે એવા સ્થળોએ તેની નકલોએ ચોટાડીને ઢંઢેરો પીટીને અથવા સ્થાનિક વર્તમાન પત્રોમાં તેની જાહેરાત આપીને અથવા રેડીયો ઉપર તેનુ પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવામાં આવશે.

તા.૦૪ /૧૦/૨૦૨૧ નારોજ મારી સહિ તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર
વડોદરા શહેર, વડોદરા
सत्यमेव जयते

(ડૉ. શમશેર સિંઘ)
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

પ્રતિ,
(૧) પોલીસ ઈન્સ્પેકટરશ્રી રાવપુરા પોલીસ સ્ટેશન વડોદરા શહેર.
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો ધ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ
(૪) નાયબ પોલીસ કમિશ્નરશ્રી તમામ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ

**જય ભારત સહ નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.
(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૬) જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, વડોદરા શહેર,વડોદરા.
(૭) ચૂંટણી આચારસંહિતા અમલીકરણ અધિકારીશ્રી, તથા નોડલ અધિકારીશ્રીઓ

(૮) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલારોડ, અમદાવાદ.
(૯) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૦) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૧૨) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૪) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૫) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૬) પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ.શ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.,વડોદરા.
(૧૭) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૮) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા.(ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારુ).
(૧૯) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૨૦) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૨૧) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૨૨) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.**